આગ લાગે ત્યારે બુઝાવશે કોણ? ગોત્રી હોસ્પિટલમાં એક્સપાયરી ડેટ વાળા સુરક્ષા સાધનોનો ભાંડો ફૂટ્યો

જનતા ટેક્સ ભરે છે પણ સુરક્ષાના નામે શૂન્યતા; હોસ્પિટલ મેનેજમેન્ટની નિષ્ફળતા સામે જનરોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા એક તરફ જ્યારે આખું શહેર નવા વર્ષની ઉજવણીની તૈયારીઓમાં વ્યસ્ત છે, ત્યારે વડોદરાની જાણીતી ગોત્રી જનરલ હોસ્પિટલની એક મોટી લાપરવાહી સામે આવી છે. હોસ્પિટલમાં આગ જેવી દુર્ઘટના સામે રક્ષણ મેળવવા માટે લગાવવામાં આવેલા અગ્નિશામક સાધનોની મુદ્દત વીતી ગઈ હોવા છતાં, તંત્ર દ્વારા તેને બદલવાની કે રિફિલ કરવાની કોઈ તસ્દી લેવામાં આવી નથી. આ ગંભીર બેદરકારીને કારણે હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા સેંકડો દર્દીઓ અને તેમના સગા-સંબંધોના જીવ રામ ભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

સામાજિક કાર્યકર દ્વારા ગોત્રી હોસ્પિટલની ઓચિંતી મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન ચોંકાવનારી વિગતો બહાર આવી કે હોસ્પિટલના વિવિધ વિભાગોમાં લગાવવામાં આવેલા ફાયર સેફ્ટીના બાટલા છેલ્લા ચાર મહિનાથી એક્સપાયર થઈ ગયા છે. નિયમ મુજબ આ સાધનોનું સમયાંતરે રિફિલિંગ અને મેન્ટેનન્સ કરવું અનિવાર્ય છે, પરંતુ અહીં સાધનો માત્ર શોભાના ગાંઠિયા સમાન લટકાવી રાખવામાં આવ્યા છે.

આ અંગે વાત કરતા સામાજિક કાર્યકરે જણાવ્યું હતું કે, "એસએસજી જેવી સરકારી હોસ્પિટલોમાં અવારનવાર આગની ઘટનાઓ બનતી રહે છે, તેમાંથી ગોત્રી હોસ્પિટલના તંત્રએ શીખ લેવી જોઈએ. અહીં મંત્રીઓ કે ઉચ્ચ અધિકારીઓ આવે ત્યારે જ બધી સુવિધાઓ સજ્જ કરવામાં આવે છે, પરંતુ સામાન્ય જનતાના જીવની કોઈ કિંમત હોય તેમ લાગતું નથી. મેન્ટેનન્સ વિભાગ માત્ર કાગળ પર કામગીરી કરીને બિલો પાસ કરતું હોય તેવું જણાય છે."

આ ગંભીર પરિસ્થિતિને જોતા, વડોદરા શહેરના ચીફ ફાયર ઓફિસર દ્વારા ગોત્રી હોસ્પિટલને તાત્કાલિક નોટિસ ફટકારવામાં આવે અને જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી છે. નાગરિકોના ટેક્સના નાણાંથી ચાલતી આ સંસ્થાઓમાં સુરક્ષાના નામે થતા આટલા મોટા ચેડાં સામે તંત્ર ક્યારે જાગશે તેવો પ્રશ્ન પ્રજા પૂછી રહી છે.ો

મોક ડ્રીલ માત્ર દેખાડો?

સરકાર દ્વારા સમયાંતરે હોસ્પિટલોમાં ફાયર સેફ્ટી અંગેની મોક ડ્રીલ યોજવા આદેશ આપવામાં આવ્યા છે. જોકે, ગોત્રી હોસ્પિટલમાં આવી મોક ડ્રીલ માત્ર ફોટોગ્રાફી અને ઉચ્ચ અધિકારીઓને બતાવવા પૂરતો એક દેખાડો બની રહી છે. જો ખરેખર કોઈ દુર્ઘટના ઘટે, તો આ એક્સપાયર થયેલા સાધનો બિનઅસરકારક સાબિત થઈ શકે છે.

અકોટા-દિનેશ મિલ રોડ પર મસમોટો ભુવો જોખમી બન્યો

"પોતાનું નહિ, પ્રજાનું હિત જુએ તેવા ઉમેદવાર ચૂંટો" - વિઠ્ઠલ આયરે

સ્માર્ટ સિટીમાં 'સ્માર્ટ ભુવા'એ ભારે કરી, કોર્પોરેટરો વાહવાહીમાં વ્યસ્ત અને મસ્ત, જનતા ભુવાથી ત્રસ્ત!

(પ્રતિનિધિ) વડોદરા, તા. 30

સ્માર્ટ સિટી વડોદરામાં પ્રિ-મોન્સૂન કામગીરી અને રોડ રસ્તાની ગુણવત્તાના લીરેલીરા ઉડતી વધુ એક ઘટના સામે આવી છે. શહેરના પોશ ગણાતા અકોટા દિનેશ મિલથી ઓપી રોડ તરફ જતા મુખ્ય માર્ગ પર અચાનક મસમોટો ભુવો પડતા વાહનચાલકોમાં ફાળ પડી છે. એક તરફ તંત્ર સ્માર્ટ હોવાના દાવા કરે છે, ત્યારે બીજી તરફ જનતાના પ્રતિનિધિઓની નિષ્ક્રિયતા સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ ઘટના અંગે આકરા પ્રહાર કરતા સામાજિક આગેવાન વિઠ્ઠલ આયરે જણાવ્યું હતું કે, જ્યારે રસ્તા પર ભયાનક ભુવો પડ્યો ત્યારે વિસ્તારના ચાર-ચાર કોર્પોરેટરો માત્ર પોતાની વાહવાહી લૂંટવામાં અને ફોટો સેશન કરાવવામાં વ્યસ્ત છે. જનતાની સુરક્ષાની ચિંતા કરવાને બદલે સત્તાધીશો પોતાની પ્રસિદ્ધિ પાછળ દોડી રહ્યા છે. આ પરિસ્થિતિમાં કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય તે હેતુથી વિઠ્ઠલ આયરે પોતે આગળ આવીને ભુવાને કોર્ડન કરી સુરક્ષા વ્યવસ્થા ઉભી કરી હતી. વિઠ્ઠલ આયરેએ વડોદરાની જનતાને અપીલ કરતા જણાવ્યું હતું કે, "આગામી સમયમાં જનતાએ જાગૃત થવાની જરૂર છે. આપણે એવા પ્રતિનિધિઓ ચૂંટી લાવવા જોઈએ જે પ્રજાના હિતમાં કામ કરે, નહિ કે પોતાના વ્યક્તિગત સ્વાર્થ માટે. શહેરને એવા લોકસેવકોની જરૂર છે જે અડધી રાત્રે પણ પબ્લિકની સમસ્યા સાંભળવા અને કામ કરવા માટે ખડેપગે તૈયાર હોય."

અકોટા જેવા વૈભવી વિસ્તારને જોડતા મુખ્ય માર્ગ પર પડેલો આ ભુવો વડોદરા કોર્પોરેશનની "સ્માર્ટ" કામગીરીની પોલ ખોલી રહ્યો છે. હવે જોવાનું એ રહે છે કે તંત્ર જાગે છે કે પછી કોઈ મોટી જાનહાનિની રાહ જોવામાં આવે છે.

વડોદરામાં ટ્રાફીક નડતર દબાણો દુર કરવા પ્રજાની માંગણી

વડોદરાશહેરનાદાંડિયાબજારમાં ફાયરની ગાડી ટ્રાફિકમાં ઝઝૂમી!

વીઆઈપી પ્રોટોકોલને વળગેલું તંત્ર જનતાની સુરક્ષા ભૂલ્યું

તંત્રની લાપરવાહીથી મોટી દુર્ઘટના સર્જાવાનો ભય

(પ્રતિનિધિ) વડોદરા, તા. 30

મહાનગરપાલિકાનું તંત્ર 'વીઆઈપી' મહેમાનોની સરભરામાં જેટલું સજાગ છે, તેટલું જ સામાન્ય જનતાની સુરક્ષા બાબતે નિષ્ક્રિય હોવાનું આજે વધુ એકવાર સાબિત થયું છે. શહેરના અત્યંત વ્યસ્ત એવા ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા પાસે આજે ફાયર બ્રિગેડની ગાડી દબાણો અને આડેધડ ટ્રાફિકના કારણે કિંમતી મિનિટો સુધી ફસાયેલી રહી હતી. આ ઘટનાએ પાલિકાની કામગીરી અને જનતાની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

દાંડિયાબજાર ફાયર સ્ટેશનની ગાડી જ્યારે માર્કેટ ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહી હતી, ત્યારે શાકભાજી-ફળોના લારી-ગલ્લાના દબાણો અને રિક્ષાઓના આડેધડ પાર્કિંગને કારણે ગાડી ટ્રાફિકમાં જકડાઈ ગઈ હતી. આ અંગે ફાયર વિભાગના એક કર્મચારીએ જણાવ્યું હતું કે, "આ વખતે તો અમે ગાડી પરત મૂકવા જઈ રહ્યા હતા, પરંતુ જો આ સમયે કોઈ મોટો ફાયર કોલ હોત અને કોઈનો જીવ જોખમમાં હોત, તો સમયસર પહોંચવું અશક્ય હતું."

સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે જ્યારે મુખ્યમંત્રી કે અન્ય કોઈ મોટા નેતા વડોદરાની મુલાકાતે હોય છે, ત્યારે આ જ રસ્તાઓ રાતોરાત દબાણમુક્ત અને ચકાચક કરી દેવામાં આવે છે. પરંતુ જેવી VIP મૂવમેન્ટ પૂરી થાય, એટલે તંત્ર ફરી ઘોર નિદ્રામાં સરી જાય છે. શું વડોદરાના સામાન્ય નાગરિકોની સુરક્ષા અને તેમનો સમય માત્ર VIP પ્રોટોકોલ કરતા ઓછા મહત્વના છે?

આ ઘટના પાલિકા માટે ચેતવણી સમાન છે. ઈમરજન્સી સેવાઓ જેમ કે એમ્બ્યુલન્સ અને ફાયર ફાઈટર માટે રસ્તા ખુલ્લા હોવા તે પ્રાથમિક જરૂરિયાત છે. જો આગામી દિવસોમાં આ માર્ગ પરના કાયમી દબાણો દૂર કરવામાં નહીં આવે, તો કોઈ મોટી જાનહાનિની જવાબદારી કોની રહેશે? તેવો પ્રશ્ન જનતા પૂછી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી દબાણોનો પ્રશ્ન માથાનો દુઃખાવો બની ગઈ છે. આ અંગે અગાઉ પણ અનેક રજુઆતો કરવા છતાં પાલિકા દ્વારા કોઈ પગલા ભરવામાં આવી રહ્યાં નથી. જેના કારણે દિવસે દિવસે દબાણોનો રાફડો ફાટી રહ્યો છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક દબાણો હટાવી રસ્તા પહોળા કરી ટ્રાફિક સમસ્યાના નિવારણ લાવવા પ્રજાજનોમાં માંગણી ઉઠી છે.

મુખ્ય સમસ્યાઓ જે ઇમરજન્સી સેવા માટે જોખમી

- રિક્ષાઓનું આડેધડ પાર્કિંગઃ માર્કેટ ચાર રસ્તા પર રિક્ષા ચાલકો દ્વારા કરવામાં આવતું આડેધડ પાર્કિંગ ટ્રાફિક જામનું મુખ્ય કારણ બને છે.
- ફ્રૂટ અને શાક માર્કેટના દબાણોઃ રસ્તાની બંને બાજુ ફ્રૂટપાથ છોડીને મુખ્ય માર્ગ સુધી લારીઓનો જમાવડો રહે છે.

DEO-નેતાને પગે લાગવાની ઘટનાનો NSUI દ્વારા અનોખો વિરોધ

ક્લાસ વન ઓફિસર દ્વારા કરવામાં આવેલું કૃત્ય શરમજનક છે : NSUI

જિલ્લા શિક્ષણાધિકારી માફી નહિ માંગે તો દરરોજ રચનાત્મક કાર્યક્રમો કરી આંદોલન કરાશે : અમર વાઘેલા

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

વડોદરા શહેરમાં આયોજિત સાંસદ ખેલ મહોત્સવના સમાપન પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી એક નેતાના પગે લાગવાનો મામલો ગરમાયો છે. ત્યારે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ખાતે ગાંધીબાપુ સહિતના ફોટા લઈ વિરોધ કરી ડીઈઓ માફી માંગે તેવી માંગણી કરવામાં આવી હતી. જોકે એનએસયુઆઈના વિદ્યાર્થી આગેવાનો કાર્યકર્તાઓ કચેરી ખાતે પહોંચે તે પહેલા જ ડીઈઓ કામ અર્થે નીકળી ગયા હતા. જેને પગલે વિદ્યાર્થી આગેવાનોએ ઉગ્ર વિરોધ સાથે વહીવટી અધિકારીને રજૂઆત કરી હતી.

NSUI પ્રમુખ અમર વાઘેલાએ જણાવ્યું હતું કે, શિક્ષણ જગતમાં શરમજનક બાબત કહી શકાય તે પ્રકારની વસ્તુ દ્વારા કરવામાં આવી છે, અને જાહેરમાં એક ભાજપના નેતાના પગે લાગ્યા હતા. એક શિક્ષણના અધિકારી છે અને તેમનું એક કર્તવ્ય હોય છે કે લોકોના માટે અને વિદ્યાર્થીઓ માટે હોય છે. એટલે જાહેર મંચ પર જ્યારે આવી રીતે કોઈને પગે લાગીને તેમના ચરણસ્પર્શ કરતા હોય તે ખુબ જ શરમજનક છે. કારણ કે, આનાથી સ્પષ્ટ સાબિત થાય છે કે, કોના કહેવા પ્રમાણે તેઓ ચાલી રહ્યા છે. આજે ડીઈઓને NSUI કહેવા માટે આવ્યું છે કે જે પણ એમનો પગાર થતો હોય એ ભારતીય જનતા પાર્ટીના નેતા નથી કરતા, અહીંની લોકલ જતા એમને ટેક્સ ભરીને એમને આપે છે અને જ્યારે ક્લાસ વન ઓફિસર દ્વારા આ રીતનું કૃત્ય કરવામા આવે તે વડોદરા શહેર માટે ખૂબ જ શરમજનક છે. એના વિરોધમાં એનએસયુઆઈ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે અને અપીલ કરવામાં આવી છે કે તમે જે આ કૃત્ય કર્યું છે, તેનું એક માફી માંગતા નો વિડીયો વાયરલ કરવો જોઈએ અને માફી માંગવી જોઈએ કે જે આ કૃત્ય થયું એ શરમજનક છે અને ખોટી રીતે થયું છે.

કાર્યક્રો આવે તે પહેલા જ DEO નીકળી ગયા

એનએસયુઆઈ દ્વારા સાંસદ ખેલ મહોત્સવના સમાપન સમારોહ વખતે જાહેર મંચ ઉપર રાજકારણીને પગે લાગતા જોવા મળ્યા છે,તે બાબતનો વિરોધ હતો. NSUI ના વિદ્યાર્થીઓ હોદ્દેદારો દ્વારા રજૂઆત કરવામાં આવી છે. એમણે ગાંધીબાપુના ફોટો અને બીજા ફોટા આપીને વિરોધ કર્યો છે કે, કોઈ રાજકારણીને પગે લાગવા કરતા પૂજ્ય બાપુજીને પગે લાગશો કે, આ ખોટું થયું છે. એ બાબતની જ્યાં સુધી માફીઓ નહીં માંગે ત્યાં સુધી અમે આવા આંદોલનો કરતા રહીશું. આ લોકો આવવાના 15-20 મિનિટ પહેલા જ DEO નીકળ્યા હતા. : **એસ.બી.સંગાડા**, વહીવટી અધિકારી

માલાવાડા ક્ષેમ કલ્યાણી માતાજીના મંદિરે મહાયજ્ઞ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 30

માલાવાડ ખાતે આવેલા ક્ષેમ કલ્યાણી સેવા મંડળ દ્વારા 2 જાન્યુઆરીથી 4થી જાન્યુઆરી દરમ્યાન મહાયજ્ઞનું આયોજન કરાયું છે.

શ્રી ક્ષેમ કલ્યાણી સેવા મંડળ (માલાવાડા, તા. સોજીત્રા, જિલ્લો ખેડા)ના પ્રમુખ જનક ભટ્ટ એક અખબારી યાદીમાં જણાવે છે કે, સમસ્ત ભારદ્વાજ ગોત્રના સભ્યો તેમજ તમામ માઇ ભક્તો માટે માલાવાડ મુકામે સમસ્ત ભારદ્વાજ ગોત્રી બ્રાહ્મણ સંચાલિત શ્રી ક્ષેમ કલ્યાણી સેવા મંડળ ખાતે ત્રિ દિવસીય શતચંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિદ્વાન આચાર્ય દ્વારા શતચંડી પૂજા વિધિ કરવામાં આવશે. જેનો લાભ વડોદરાના સર્વે માઈ ભક્તોએ ખાસ લેવો જોઈએ. આ સાથે ત્રણે દિવસ સવાર અને સાંજે મહાપ્રસાદ રાખેલ છે. મહા શતચંડી પોષ સુદ ચતુર્દશી તા.2 જાન્યુઆરી 2026ને શુક્રવારના રોજ શરૂ થઈ પોષ વદ પડવો તા.4 જાન્યુઆરી 2026ને રવિવારના રોજ યોજાશે. પ્રતિ દિન સવારે 9 કલાકે યજ્ઞનો પ્રારંભ થશે. પુણહૂતિ તા.4 જાન્યુઆરીના રોજ સાંજે ચાર કલાકે થશે. ત્યારબાદ સાંજે 4:30 કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

SSG હોસ્પિટલના સિનિયર ડોક્ટરના નામે સોશિયલ મીડિયા પર ફેક એકાઉન્ટ

ડોક્ટરે જાહેર અપીલ કરી: રૂપિયા માગે તો સાવધાન રહો, કોઈ ચુકવણી ન કરશો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 30

વડોદરા શહેરમાં સાયબર ઠગાઈના બનાવો વધતા જાય છે ત્યારે વધુ એક ઘટના સામે આવી છે. એસએસજી હોસ્પિટલના સિનિયર ડોક્ટર ડો. રંજન ઐયરના નામ અને ફોટોનો ઉપયોગ કરી સાયબર ઠગોએ સોશિયલ મીડિયા પર ફેક એકાઉન્ટ બનાવ્યું હોવાની માહિતી સામે આવી છે.

ડોક્ટરને તેમના મિત્ર વર્તુળ તરફથી આ બાબતની જાણ થતાં તેમણે તરત જ સોશિયલ મીડિયા મારફતે જાહેર સંદેશ આપ્યો હતો. ડોક્ટરે સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે, તેમના નામે બનાવવામાં આવેલ આ એકાઉન્ટ સંપૂર્ણપણે નકલી છે અને જો આ એકાઉન્ટ પરથી કોઈ વ્યક્તિ રૂપિયા અથવા અન્ય કોઈ સહાયની માંગણી કરે તો તેને કોઈપણ પ્રકારની રકમ ન આપવા અપીલ કરી છે.

ઉલ્લેખનીય છે કે વડોદરા શહેરમાં અગાઉ પણ રાજકીય નેતાઓ, પોલીસ અધિકારીઓ અને જાહેર જીવન સાથે સંકળાયેલા લોકોના નામે સાયબર માફિયાઓ દ્વારા ફેક એકાઉન્ટ બનાવવાના કિસ્સા સામે આવ્યા છે. આવા ફેક એકાઉન્ટ દ્વારા લોકોનો વિશ્વાસ જીતી નાણાંની માંગણી કરવામાં આવતી હોય છે.

ડો. રંજન ઐયરે જણાવ્યું છે કે તેઓ આ મામલે સાયબર ઠગો સામે પોલીસ ફરિયાદ નોંધાવવાની તૈયારી કરી રહ્યા છે. સાથે જ તેમણે નાગરિકોને અપીલ કરી છે કે, સોશિયલ મીડિયા પર આવતા અજાણ્યા મેસેજ, ખાસ કરીને પૈસાની માંગણી કરતી કોઈ પણ વિનંતીથી સાવચેત રહેવું તેમજ કોઈ શંકાસ્પદ એકાઉન્ટ જોવા મળે તો તાત્કાલિક પોલીસ મથકનો સંપર્ક કરવો. અત્રે ઉલ્લેખનીય છે કે, વડોદરામાં છેલ્લા કેટલાય સમયથી સાયબર ક્રાઈમ માફીયા દ્વારા સોશીયલ એકાઉન્ટ હેંગ કરવાના બનાવો વધી રહ્યા છે.

પરશુરામ ભઠ્ઠા અને ભૂતડી ઝાંપામાં 15 દિવસથી જોખમી સ્થિતિ

વડોદરા પાલિકાની લાપરવાહીથી અનેક સ્થળે ખૂની ખાડા અને ઉઘાડી ચેમ્બરો

સ્થાનિકોએ પાલિકા તંત્ર પર આકરા પ્રહારો સાથે જનાક્રોશ ઠાલવ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા એક તરફ વડોદરાને 'સ્માર્ટ સિટી' બનાવવાની વાતો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે શહેરના અનેક વિસ્તારોમાં 'મોતના મુખ' સમાન ખુલ્લી ગટરો અને કાંસ નાગરિકોના જીવ લઈ રહી છે. માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પાસે ખુલ્લી ચેમ્બરમાં પડી જવાથી એક યુવકના કરુણ મોત બાદ પણ પાલિકા તંત્ર કુંભકર્ણની નિદ્રામાં હોય તેમ જણાય છે. શહેરના પરશુરામ ભઠ્ઠા અને ભૂતડી ઝાંપા વિસ્તારમાં તંત્રની ભયાનક બેદરકારી સામે આવી છે.

શહેરના પરશુરામ ભઠ્ઠા વિસ્તારમાં છેલ્લા 15 દિવસથી ગટરો ખુલ્લી હાલતમાં જોવા મળી રહી છે. આ ગટરની બિલકુલ બાજુમાં જ ગીચ રહેણાંક વિસ્તાર આવેલો છે, જ્યાં નાના બાળકો દિવસભર રમતા હોય છે. સ્થાનિક રહીશો દ્વારા ગટર ઢાંકવા માટે અનેકવાર પાલિકામાં રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી. આ મામલે સ્થાનિક સામાજિક કાર્યકરો અને રહીશોએ પાલિકા તંત્ર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે સવાલ ઉઠાવ્યો છે કે, "શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે? શું હજી કોઈ બાળક કે નાગરિકનો જીવ જશે ત્યારે જ પાલિકાના અધિકારીઓની આંખ ઉઘડશે?"

આવી જ પરિસ્થિતિ ભૂતડી ઝાંપા સ્થિત પાલિકાના વ્હીકલ પુલ પાસે જોવા મળી રહી છે. 15 દિવસ પહેલા સફાઈ કામગીરી દરમિયાન પાલિકાના જ JCB ના ટાયરથી વરસાદી કાંસ પર મોટું ગાબડું પડ્યું હતું. આ માર્ગ પર ભારે અવર-જવર રહેતી હોવા છતાં, તંત્રએ આ ગાબડાને પૂરવાની કે ત્યાં સાવચેતીના બોર્ડ મારવાની તસ્દી સુદ્ધાં લીધી નથી.

માંજલપુરની ઘટનામાં પાલિકાએ યુવકનો જીવ ગયા પછી ચેમ્બર બંધ કરી 'મોડે મોડે ડહાપણ' વાપર્યું છે.

વડોદરામાં ઓનલાઇન ગેમ રમવાની લતે ચડેલી પૌત્રી પેન્શનનર દાદીના ખાતામાંથી રૂ 4 લાખ હારી

સતત મોબાઈલ ગેમ રમીને દિવસ પસાર કરવા લાગી અને અભ્યાસમા પણ ધ્યાન આપવાનું બંધ કરી દીધું હતું.

(પ્રતિનિધિ) વડોદરા તા. 30

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં રહેતી અને કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ ગેમ રમીને પૈસાની લાલચમા આવી વૃધ્ધ દાદીના મોબાઈલમાં ઓનલાઈન ગેમ રમવાનું વડગણ ચડયું હતું. પૌત્રી ગેમ રમીને દાદીના બેંક ખાતામાંથી નાણાં કમાવાની લાલચમાં રૂપિયા 4 લાખ હારી ગઈ હતી. અભયમ ટીમે દાદીના ઘરે જઈને દીકરીને કાયદાકીય સમજ પણ આપી હતી. જેથી પૌત્રીએ આદત છોડી દેવા જણાવ્યું હતું.

ગોરવા વિસ્તારમાં રહેતા એક પરિવારમાથી અભયમ મહિલા હેલ્પલાઇન પર કોલ આવ્યો હતો કે તેમની પૌત્રી મોબાઈલમા ગેમ રમ્યા કરે છે. જેથી તેને સમજાવવા અભયમ ટીમની મદદ માગી હતી. જેથી અભયમની ટીમ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી. ત્યારે જાણવા મળ્યું હતું કે ફોન ફરી મદદ માગનાર સિનિયર સિટીઝન છે અને તેમનું પેન્શન આવે છે. તેમના દીકરાની દીકરી હાલ કોલેજ કરે છે. તેમની પુત્રવધૂ બીમાર હોવાથી પથારીવશ છે. દીકરો પ્રાઇવેટ કંપનીમા જોબ કરે છે. પૌત્રી છેલ્લા ચાર મહિનાથી દાદીના મોબાઈલમાં એપ્લિકેશનમા ગેમ રમીને પૈસા ટ્રાન્સફર કર્યા હતા. સતત મોબાઈલ ગેમ રમીને દિવસ પસાર કરવા લાગી અને અભ્યાસમા પણ ધ્યાન આપવાનું બંધ કરી દીધું હતું. ગેમ રમી રૂપિયા કમાવાની લાલચમાં આવી દાદીના એકાઉન્ટમાથી રૂપિયા ચાર લાખ ગુમાવ્યા હતા. ઉપરાંત ઘરમાથી સોનાની ચેન પણ લઈને અજાણ વ્યક્તિને વેચી પોતાના મોજ શોખ પુરા કરવાનું વિચાર્યું હતું અને બધું જોઈ દાદીને ચિંતા થવા લાગી અને અભયમ ટીમનો સંપર્ક કર્યો હતી. જેથી અભયમની ટીમે પૌત્રીને સમજાવ્યું હતું કે અત્યારે અભ્યાસમા ધ્યાન આપે અને મોબાઈલનો ઉપયોગ સારા કામ માટે કરે ગેમ રમવી એ સારી બાબત નથી.

જેનાથી તમારું ભવિષ્ય જોખમમા મૂકી રહ્યા છો. એટલે આ પ્રવૃત્તિ બંધ કરીને મા બાપ અને બા પાસે પોતાની ભૂલ સ્વીકારી આગળ ફોક્સ કરવાનું વિચારવું જોઈએ અને પૌત્રીને કાયદાકીય સલાહ સૂચન આપ્યું હતું અને પૌત્રીને પોતાની ભૂલનો અહેસાસ થતા અભયમ ટીમે સલાહ સૂચન આપ્યું હતું અને દાદી હાલ સમાધાન કરવા માંગતા હોય સમાધાન કર્યું હતું.